
**વડીલોને વંદન**

**અભિનંદન**

આજે જન્મદિવસ



ઉમેદભાઈ પુરૂષોત્તમભાઈ પટેલ (૧૯૪૫) ફોન : ૨૩૨૬૦૨૪૨



અરવિંદ ઈન્દુપ્રસાદ ભટ્ટ (૧૯૩૯) ફોન: ૨૩૨૩૩૬૮૭

# માથાના વાળ ખેંચીને ખેતરમાં ઢસડી જઈ મહિલા પર બળાત્કાર

## આરોપી પિતા વિરૂદ્ધ અરજી આપતા દિકરાઓએ ભોગ બનનાર મહિલાને મારી નાંખવાની ધમકી આપી

કલોલ, તા.૨૬

કલોલના ઈટલા ગામની સીમમાંથી ૪૦ વર્ષીય મહિલાના વાળ પકડીને એક શખ્સ ઢસડીને કપાસનાં ખેતરમાં લઈ ગયો અને બળાત્કાર ગુજારી ધમકીઓ આપી હોવાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. બળાત્કારના આરોપી વિરૂધ્ધમાં ભોગ બનનાર મહિલાએ કલોલ તાલુકા પોલીસ સ્ટેશને અરજી આપતા આરોપીના બંને દિકરાઓએ છરો બતાવી મહિલાને મારી નાંખવાની ધમકીઓ આપી હતી. કલોલ તાલુકા પોલીસે ત્રણેય વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

મળતી માહિતી મુજબ કલોલ તાલુકાના ઈટલા ગામમાં રહેતા દશરથ ગાભાજી ઠાકોરે એક મહિના અગાઉ ગામની સીમમાંથી પસાર થતી ૪૦ વર્ષીય મહિલાને સવારના સુમારે હાથ પકડી લીધો હતો અને ત્યાર બાદ જબરદસ્તી કરીને તેણીના માથાના વાળ પકડી ઢસડીને કપાસના વાવેતરના ખેતરમાં લઈ જઈને મરજી વિરૂધ્ધ શારિરીક સંબંધો બાંધ્યા હતા અને બળાત્કાર ગુજાર્યો હતો. ત્યાર બાદ પણ બળાત્કારના આરોપીએ ફોન પર ફરીયાદ ન કરવા ધમકીઓ આપી હતી પરંતુ મહિલાએ કલોલ તાલુકા પોલીસ મથકે અરજી આપી હોવાની જાણ થતા દશરથ તથા તેના બંને દિકરા દિપક અને કનુ મહિલા પાસે પહોંચી ગયા હતા અને ગાળાગાળી કરીને જાનથી મારી નાંખવાની ધમકી છરો બતાવીને આપી હતી. કલોલ તાલુકા પી.આઈ. પી.ઓ. ભટ્ટે ત્રણેય વિરૂધ્ધ ગુનો દાખલ કરી સઘન તપાસ શરુ કરી છે.

### પેપર નબળુ જતાં કલોલની વિદ્યાર્થિનીનો ગળેફાંસો

કલોલ, તા. ૨૬

કલોલ શહેરના મટવાકુવા વિસ્તારમાં રહેતી ૧૮ વર્ષીય વિદ્યાર્થિની અનુબેન હનીફભાઈ શેખને પરીક્ષા ચાલતી હતી. ગઈકાલે તેણીનું પેપર નબળુ જતાં હતાશ થઈ ગઈ હતી અને પોતાના ઘરે જ રાત્રીના અરસામાં ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધુ હતુ. આ બનાવ અંગે પરિવારજનોને જાણ થતા હેબતાઈ ગયા હતા. કલોલ શહેર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ શરૂ કરી છે.

# મોકુફ રહેલી કોંગ્રેસ સ્કીનીંગ કમિટીની બેઠક આજે મળશે

## ચૂંટણી પહેલા જ ભાજપના ધારાસભ્ય ભાવસિંહ રાઠોડને કોંગ્રેસમાં પ્રવેશના મુદ્દે પ્રદેશ નેતાઓમાં જોરદાર મતભેદો

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી માટે નવી દિલ્હી ખાતે આજે કોંગ્રેસની સ્કીનીંગ કમિટીની બેઠક મળવાની હતી પરંતુ કેન્દ્રમાં પ્રધાનમંડળના વિસ્તરણની ક્વાયત ચાલતી હોવાને કારણે આજની બેઠક મુલતવી રાખવામાં આવી હતી. હવે સ્ક્રિનિંગ કમિટીની બેઠક આવતીકાલે મળશે. વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ અને કેમ્પેઈન કમિટીના ચેરમેન હાલ દિલ્હીમાં રોકાણ છે જ્યારે પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા પોતાનો અભિપ્રાય વ્યક્ત કરીને અમદાવાદ પરત ફર્યા હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ કેન્દ્રીય પ્રધાનમંડળના વિસ્તરણની ક્વાયતને પગલે સ્કીનીંગ કમિટીના સભ્યો વ્યસ્ત હોવાને લીધે દિલ્હીમાં સ્કીનીંગ કમિટીની આજે મળનારી બેઠક મુલતવી રાખવામાં આવી હતી. હવે કોંગ્રેસની સ્કીનીંગ કમિટીની બેઠક આવતીકાલ તા. ૨૭મીને શનિવારના રોજ મળશે. સ્કીનીંગ કમિટીમાં ભાગ લેવા માટે ગયેલા વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ અને કેમ્પેઈન કમિટીના ચેરમેન શંકરસિંહ વાઘેલા દિલ્હીમાં રોકાઈ ગયા છે અને આવતીકાલે સ્કીનીંગ કમિટી સમક્ષ ઉમેદવારોની પસંદગી અંગે પોતાનો મત વ્યક્ત કરશે.

સૂત્રોના કહેવા મુજબ ભાજપના સમી-હારિજના ધારાસભ્ય ભાવસિંહ રાઠોડે કોંગ્રેસમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી છે અને રાધનપુર બેઠકની ટિકીટ માંગી છે. પ્રદેશના કેટલાક નેતાઓ ભાવસિંહ રાઠોડને રાધનપુરની ટિકીટ આપવાનો મત ધરાવે છે જ્યારે અન્ય કેટલાક નેતાઓ રાધનપુરની બેઠક પરથી રઘુભાઈ દેસાઈને ટિકીટ આપવાનો મત વ્યક્ત કરી રહ્યા છે. આ સંદર્ભે પ્રદેશ પ્રમુખ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરીને અમદાવાદ પરત ફર્યા છે. હવે સ્કીનીંગ કમિટીની બેઠકમાં ભાવસિંહ રાઠોડના ભાવિનો ફેંસલો કરાશે.

### સે-૨૧ શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે શરદ પૂનમના ગરબાનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સેકટર-૨૧ ખાતે આવેલી શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે શરદપૂર્ણિમાના ગરબા અને દૂધ પૌંઆનું આયોજન કરવામાં આવ્યું છે. વૈષ્ણવ ભાઈબહેનોએ પાસ લઈને આવવા જણાવાયું છે. પૂર્ણિમાના દિવસે દર્શનનો સમય ઉત્થાપન સાંજે ૫.૪૫ થી ૫.૫૦, સંધ્યા આરતી સાંજે ૬.૧૫ થી ૬.૪૫, શયન આરતી સાંજે ૮-૦૦ થી ૮.૩૦ દરમિયાન રહેશે જેની દરેક વૈષ્ણવ ભાઈ બહેનોએ નોંધ લેવી.

### પ્રભાસ પાટણમાં મકાન ધરાશાયી : એકનું મોત

વેરાવળ, તા. ૨૬

પ્રભાસ પાટણમાં વેરાવળ શહેરમાં ત્રણ માળના મકાનની છત ધરાશાયી થતાં એક બાળકનું મોત જ્યારે પાંચ લોકોને ઈજા થવા પામી છે.

આજે વહેલી સવારે ૪.૫૫ પહેલાં વેરાવળના ખારવાવાડા વિસ્તારમાં આઝાદ ચોક વિસ્તારમાં રહેતા ખારવા પરિવાર ભર ઊંઘમાં હતો ત્યારે અચાનક ધડાકાભેર જર્જરીત મકાનની છત તૂટી પડતાં હિના ત્રિકમ ચોમલ નામની નવ વર્ષની બાળકીનું ઘટના સ્થળે મોત થયેલ છે જ્યારે ઈજા થયેલના નામનાથી નારણ ઉ.વ. ૩૮, નારણ વેલજી ૪૫, હંસા નારણ ૨૦, મહેશ નારણ ઉ.વ. ૨૧, યાસીન નારણ ઉ.૧૨ હોવાનું જાણવા મળ્યં છે. તમામને વેરાવળ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયેલ છે. બનાવની જાણ થતાં વેરાવળ પોલીસ નગરપાલિકા તથા ફાયર બ્રિગેડની રેસ્ક્યુ ટીમે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.



નવરંગપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક શખ્સને મેઈડ ઈન ચાઈના બાઈક સાથે પકડી પાડવામાં આવ્યો હતો આ બાઈકની કિંમત ૫.૫ લાખથી પણ વધુ જાણવા મળ્યુ છે.

# જર્મીના ઉપક્રમે ઈન્ડિયન જીયોફિઝિકલ યુનિયનના ૪૯ મા વાર્ષિક અધિવેશનનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ દ્વારા વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન સંસ્થા તરીકે માન્યતા મળ્યા બાદ ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ હવે દેશમાં ઉર્જા ક્ષેત્રે કાર્યરત પ્રસિધ્ધ વૈજ્ઞાનિકો અને સંશોધકોની સામેલગીરી ધરાવતા ઈન્ડિયન જીયોફિઝીકલ યુનિયનના ૪૯મા વાર્ષિક અધિવેશનનું આયોજન કરી રહી છે. છેક ૧૯૬૩માં સ્થપાયેલાં આઈજીયુ ના વાર્ષિક અધિવેશનમાં યજમાન તરીકે પસંદગી થઈ તે બાબત ઉર્જા સંશોધન અને વ્યવસ્થાપન ક્ષેત્રે જર્મીનું વધતું જતું મહત્વ દર્શાવે છે. આ ત્રણ દિવસનું અધિવેશન તા. ૨૯મી ઑકટોબર, ૨૦૧૨ થી પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે યોજાશે અને ઉર્જા અને પર્યાવરણ તથા જીવનની ગુણવત્તા ટકાવી રાખવાના ઉદ્દેશથી તેના ઈજનેરી પાસા ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે.

આ અધિવેશન દરમિયાન જે ચર્ચાઓ યોજાશે તેના મુખ્ય વિષય **“Towerds Energy Security - Exploration, Exploitation and New Stretagies”** રહેશે. આ સમારંભનું આયોજન ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયુટ, **(GERMI)**, પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી **(PDPU)**, ઈન્સ્ટિટ્યુટ ઑફ સેસ્મોલોજીકલ રિચર્સ **(ISR)**, અને સીએસઆઈઆર - નેશનલ જીયોફિઝિકલ રિસર્ચ ઈન્સ્ટિટયુટ **(NGRI)** ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે.

પેટ્રોલિયમ અને રીન્યુએબલ એનર્જી સેકટરને માટે માનવ સંશોધન અસ્કયામત વિકસાવવાના, નીતિ ઘડનારા અને ટેકનોલોજીસ્ટ સમુદાય માટે કૉલેજ - બેઝ વધારવા તથા આ ક્ષેત્રના અગ્ર વર્ગને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક માટે સરસાઈ પુરી પાડવાનો ઉદ્દેશ અનુસાર ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ **(GSPC)** દ્વારા રજીસ્ટ્ર્ડ સોસાયટી તરીકે સ્થપાયેલ જર્મી **(GERMI)** એ ફોર્મલ સ્પેશ્યાલાઈઝ્ડ યુનિવર્સિટી તરીકે તેના નેજા હેઠળ વિવિધ પ્રકારની ૬ ટેકનિકલ અને મેનેજરીયલ સ્કૂલ્સના પ્રોજેક્ટ હાથ ધરીને તે પ્રોજેક્ટ્સ અને પ્રોગ્રામ હાથ ધરનાર સંસ્થા તરીકે ઉપસી આવી છે.

ઉદ્યોગો અને ઈનોવેટીવ ફ્યુચરિસ્ટીક ટેકનોલોજીઝ દ્વારા જેનો સામનો કરવો પડે છે તેવા મૂળભૂત અને પાયાનાં સંશોધનોની સમસ્યાઓ હલ કરવા માટે જર્મીએ અદ્યતન સુવિધાઓ ધરાવતી વિશ્વ સ્તરની સંશોધન તથા વિકાસ માટે એક સંશોધન, નાવિન્ય **(Innovation)** ઈનોવેશન સેન્ટર તરીકેની તેની મુખ્ય પ્રવૃત્તિઓ હાથ ધરી છે. સંસ્થામાં તાલિમ અને ડેવલપમેન્ટ સેન્ટર છે જે હાલમાં સૌર ઉર્જા અને ગેસ પાઈપલાઈનના ક્ષેત્રે તાલિમ આપે છે. તે ઓઈલ અને ગેસ તેમજ સંલગ્ન એનર્જી ઈન્ટસ્ટ્રીને કન્સલ્ટન્સી સર્વિસીસ પર પુરી પાડે છે. જર્મીએ સોલાર એનર્જી પ્લાન્ટસની સ્થાપના માટેના સંખ્યાબંધ ઈપીસી કોન્ટ્રાકટ્સ હાથ ઉપર લીધા છે, જે કેટલીક નિયંત્રક સંસ્થાઓ અસરકારક નીતિ ઘડતર અને સંશોધક વ્યવસ્થાપનમાં સહાયક બની રહ્યાં છે. માત્ર વર્ષ ૨૦૧૨માં જ જર્મી ખાતે કામ કરતા વૈજ્ઞાનિકોએ પાંચ ઈનોવેશન્સ માટેની પેટન્ટસ ફાઈલ કરી છે. તેની પેટ્રોલિયમ રિસર્ચ લેબ, દેશની માત્ર જૂજ લેબોરેટરીઝ પાસે જ હોય તેવાં મહત્ત્વનાં ઉપકરણોની સજ્જ છે. આટલું જ નહીં આ સંસ્થાએ અમેરિકન સોસાયટી ફોર મિકેનિકલ એન્જીન્યર્સ, **(ASME)** સહિતની નેશનલ અને ઈન્ટરનેશનલ સંસ્થાઓના સભ્યો માટે તાલીમ કાર્યક્રમ હાથ ધર્યા છે. તેના વૈજ્ઞાનિકો અને સંશોધકોએ વિવિધ કોન્ફરન્સોમાં ૧૮ ઈન્ટરનેશનલ રિચર્ચ પેપર સહિતની સંખ્યાબંધ સંશોધન લેખો અને ૬ પીએચ.ડી.થી થીસીસ રજૂ કરેલ છે, જે અભ્યાસ સામગ્રી તરીકે ખૂબ જ મહત્ત્વનાં પુરવાર થયેલ છે.

ઉર્જા શિક્ષણ, સંશોધન અને ઉર્જા તાલિમ તથા ઉર્જા કન્સલટન્સી જેવાં તેની કામગીરીનાં મુખ્ય ક્ષેત્રોમાં પ્રગતિ હાંસલ કરવા માટે જર્મીએ ઈન્સ્ટિટયુટ ઑફ પેટ્રોલિયમ મેનેજમેન્ટ, (આઈપીએમ, ગાંધીનગર), પીડીપીયુ અને જર્મી રિસર્ચ, ઈનોવેશન એન્ડ ઈન્કયુબેશન સેન્ટર **(GRIIC)** ની સ્થાપના કરી છે. જીઆરઆઈઆઈસી નેશનલ ઈન્સ્ટિટયુટ ઑફ ઓશનોગ્રાફી **(NIO)** નેશનલ રિચર્સ ઈન્ટિટયુટ, ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન **(IFC)** અન્ડરરાઈટર્સ લેબોરેટરી **(UL)** જેવી રાષ્ટ્રીય સંશોધન સંસ્થાઓ સાથે જોડાણ ધરાવે છે. જર્મીની પેટ્રોલિયમ, સોલાર એન્ડ એન્વાયરોન્મેન્ટ એન્ડ કલાઈમેટ રિચર્સ વીંગ્સ ઈકો ફ્રેન્ડલી ઢબે ઉર્જા બચત અને વ્યવસ્થાપન માટે સતત કાર્યરત છે.

# કેશુબાપાની પરિવર્તન યાત્રાનો પાંચમા તબક્કાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૬

કેશુબાપાએ શરૂ કરેલી પરિવર્તન યાત્રાનો પાંચમો તબ્કો આજથી શરૂ થયો છે અને ૩૦મીએ યાત્રા સંપન્ન થયા બાદ ૩૧મીએ અમદાવાદમાં એક વિશાળ મહાસંમેલન ગુજરાત પરિવર્તન દ્વારા યોજવામાં આવનાર છે.

ગુજરાત ભાજપના વરિષ્ઠ નેતા કેશુભાઈ પટેલે ભાજપ સાથે છેડો ફાડીને ગુજરાત પરિવર્તન પાર્ટી નામના નવા પક્ષની સ્થાપના કરીને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે ખુલ્લો જંગ છેડ્યો છે. ભાજપ છોડ્યા બાદ કેશુબાપાએ ગુજરાતમાં સત્તા પરિવર્તન લાવવાના સંદેશ સાથે સૌરાષ્ટ્રના જેતપુર ખાતેથી પરિવર્તન યાત્રાનો પ્રારંભ કર્યો હતો.

જેતપુરથી શરૂ થયેલી પરિવર્તન યાત્રાનો સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતના તમામ વિધાનસભા મત વિસ્તારોમાં ફરીને ચાર તબક્કા પૂર્ણ કર્યા બાદ આજથી યાત્રાનો પાંચમો તબક્કો શરૂ કર્યો છે. આજે સવારે નભોઈ ચોકડીથી કેશુબાપાએ પરિવર્તન યાત્રાના પાંચમા તબક્કાનો પ્રારંભ કર્યો છે અને ખેડા, વડોદરા અને પંચમહાલ જિલ્લાના તમામ વિધાનસભા મતવિસ્તારોમાં ફરીને પ્રજાને પરિવર્તનનો સંદેશ આપશે.

એક મહિનો ચાલેલી આ પરિવર્તન યાત્રા ૩૦મીએ પૂર્ણ થઈ રહી છે. આ યાત્રા પૂર્ણ થયા બાદ ૩૧મીએ ગુજરાત પરિવર્તન પાર્ટીનું એક વિશાળ મહાસંમેલન અમદાવાદના બાપુનગર વિસ્તારમાં યોજવામાં આવનાર છે. સંમેલન માટે આ સ્થળ એટલા માટે પસંદ કરવામાં આવ્યું છે કે પરિવર્તન પાર્ટીના આગેવાન ગોરધન ઝડફીયાનો આ વિસ્તાર છે. ઉપરાંત આ વિસ્તારમાં સૌરાષ્ટ્રના પટેલો મોટી સંખ્યામાં વસે છે. પરિવર્તન યાત્રા દ્વારા કેશુબાપાએ ગુજરાતના તમામ ૧૮૨ વિધાનસભા મત વિસ્તારમાં ફરીને પ્રજાનો સીધો સંપર્ક સાધીને ચૂંટણી પ્રચાર કરી પરિવર્તન સંદેશ પહોંચાડ્યો હતો.

### ૩૧મી ઓક્ટોબરથી શરૂઆત

# ભાજપના યુવા મોરચાનું વિજય અભિયાન યોજાશે

અમદાવાદ, તા. ૨૬

ભાજપ યુવા મોરચા દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ તા. ૩૧ ઓક્ટોબરથી ‘વિધાનસભા વિજય પ્રયાણ અભિયાન’નો પ્રારંભ કરવામાં આવશે. ‘વિધાનસભા વિજય પ્રયાણ અભિયાન’ અન્વયે યુવા ભાજપાના ૨૦૦૦ વિસ્તારકો કે જે ગુજરાત રાજ્યના ૩૦,૦૦૦ બુથોનો સંપર્ક કરવા પ્રયાણ કરનાર છે તેઓને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ઉદબોધન સાથે ૩૧ ઓક્ટોબરના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતેથી વિદાય આપવામાં આવશે.

૩૧ ઓક્ટોબરથી તા. ૪ નવેમ્બર સુધી ચાલનારા આ અભિયાનમાં અંતિમ દિવસ રાજ્યની ૯૦૦ જીલ્લા પંચાયત સીટ પર ‘યુવા સંમેલન’ યોજવામાં આવશે. સંમેલનમાં ગુજરાતની ભાજપા સરકારની વિકાસલક્ષી નીતિ અને કોંગ્રેસની યુવા, ગુજરાત અને રાષ્ટ્રવિરોધી નીતિઓથી યુવાનોને અવગત કરાશે. પ્રદિપસિંહ વાઘેલાએ જણાવ્યું છે કે ગુજરાત ભાજપા યુવા મોરચાના વિસ્તારકોએ ગામે ગામ જઈને કરવાની કામગીરીનું માર્ગદર્શન આપવા માટે ૨૯ ઓક્ટોબરના રોજ રાજ્યના દરેક જીલ્લામાં ‘પ્રશિક્ષણ વર્ગ’ યોજાશે.

# રામદેવ ૩૦મીથી સ્વાભિમાન યાત્રા ભાવનગરથી શરૂ કરશે

ભાવનગર, તા. ૨૬

આગામી તા. ૩૦મી ઓક્ટોબરે યોગગુરુ બાબા રામદેવ ભાવનગર જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે અને ભારત સ્વાભિમાન યાત્રાના ચોથા ચરણનો પ્રારંભ ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના અલમપર ગામથી કરશે. બાબા રામદેવ હવે નરેન્દ્ર મોદીના સમર્થનમાં અને કોંગ્રેસની વિરુદ્ધમાં સત્તાવાર બહાર આવી ગયા છે.

યોગગુરુ બાબા રામદેવ આગામી ૩૦મી ઓક્ટોબરના રોજ સવારે ૧૦ કલાકે બોટાદ ખાતે પાળિયાદ રોડ પર આવેલા અવધપુરીમાં ૧૦૮ કુંડી યજ્ઞ અને ભાગવત સપ્તાહ જેવા ધાર્મિક કાર્યક્રમોમાં હાજરી આપશે. ત્યાર બાદ તેઓ સ્કુટર રેલી સ્વરુપે ઉમરાળા ખાતેના અલમપર જવા નિકળશે. રસ્તામાં ગઢડા, લાખણકા સહિતના ગામોમાં તેમનું સમર્થકોએ અત્યારથી જ સ્વાગત કરવા તૈયારી કરી લીધી છે. બાબા રામદેવ હાથી પર બેસીને શોભાયાત્રામાં ફરશે અને બપોરના ૪ કલાકે અલમપ ખાતે સભા સંબોધશે. અને રાત્રિ રોકાણ બાદ સવારે ૧૦ કલાકે ગઢડા પહોંચશે. જ્યાં સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે. ત્યાર બાદ તેમની ભારત સ્વાભિમાન યાત્રા ત્યાંથી આગળ વધીને હાલોલ તરફ જવા રવાના થશે.

આમ, ભાવનગર જિલ્લાના અલમપર ગામેથી યોગગુરુ બાબા રામદેવ પોતાની સ્વાભિમાન યાત્રાનો પ્રારંભ કરના છે અને નવેમ્બર માસ આખો રામદેવ મહારાજનો ગુજરાતમાં પડાવ રહેશે. અલગ અલગ જગ્યાએ સભાઓ સંબોધશે.

## કંપની સમાચાર

### ફાસ્ટ્રેક વોચીઝ પર ૨૦ ટકા ઓફ

તહેવારોની આ મોસમ ફાસ્ટ્રેક ફેન્સ માટે આનંદના સમાચાર છે. યુવા વર્ગ માટે જેની આતુરતાપૂર્વક રાહ જોવાય છે તે એસેસરી બ્રાન્ડનું સેલ શરૂ થઈ ચૂક્યું છે. તા. ૧૯ ઓક્ટોબર ૨૦૧૨થી અમલી બને તે રીતે ફાસ્ટ્રેક વોચીઝ પર ફલેટ ૨૦ ટકા ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવ્યું છે.

આગળ વધો અને ખરીદો. ગિફટ. તમારા નજીકનાં એકસ્કલુઝિવ ફાસ્ટ્રેક સ્ટોર પરથી આ ઓફર તા. ૧૮ નવેમ્બર ૨૦૧૨ સુધી અમલ રહેશે. આથી જ આ ચાન્સ ચુકવા જેવો નથી.

આ ઓફર શોપર્સ સ્ટોપ, લાઈફસ્ટાઈલ, સેન્ટલ, પેન્ટાલુન્સ વર્લ્ડ ઓફ ટાઈટન સ્ટોર્સ અથવા અન્ય મલ્ટી બ્રાન્ડ આઉટલેટ્સ પર પણ ઉપલબ્ધ છે. ઉપરાંત **www.fastrack.in, www.flipkart.com, www.jabong.com., www. koovs.com, www.myntra.com.**

### એલ્કોન એન્જિનિયરિંગને બે પ્રતિષ્ઠિત ઓર્ડર

**એનએમડીસી લિમિટેડ પાસેથી રૂા. ૧૭.૧૩ કરોડનો અને ટેકપ્રો સિસ્ટમ્સ લિમિટેડ પાસેથી રૂા. ૭.૧૯ કરોડનો એવોર્ડ**

ભારતની વિશાળ મટીરિયલ હેન્ડલિંગ ઈક્વિપમેન્ટ્સ અને ટ્રાન્સમિશન પ્રોડકટ્સ મેન્યુફેકચરર્સમાંની એક એલ્કોન એન્જિનિયરિંગ કંપની લિમિટેડે એની જાહેરાત કરી છે કે તેના એમએચઈ વિભાગને બે પ્રતિષ્ઠિત ઓર્ડર પ્રાપ્ત થયા છે. આમાં એનએમડીસી લિમિટેડ પાસેથી તેના બશેલી કોમ્પલેક્સ અને કિરંદુલ કોમ્પલેકસ પ્રોજેકટો માટે દરેકને આરંભિક સ્પેર્સ સહિત બે લમ્પ ઓર સ્ટેકર્સનો પુરવઠો, બાંધકામ અને અમલીકરણનો રૂા. ૧૭.૧૩ કરોડનો અને બીજો ઓર્ડર ટેકપ્રો સિસ્ટમ્સ લિમિટેડને હરિહર પ્રોજેકટ માટે સાઈડ આર્મ ચાર્જર અને મેન્ડેટરી સ્પેર્સ સાથે વેગન ટ્રિપલર માટે રૂા. ૭.૧૯ કરોડનો મળ્યો છે.

એલ્કોન એન્જિનિયરિંગના ચેરમેન અને મેનેજિંગ ડાયરેટર પ્રયાસવીન પટેલે જણાવ્યું હતું કે અમને રૂા. ૧૭.૧૩ કરોડ અને રૂા. ૭.૧૯ કરોડના પ્રતિષ્ઠિત ઓર્ડરો મળ્યા તેનો બહુ જ આનંદ છે અને એનએમડીસી લિમિટેડ અને ટેકપ્રો સિસ્ટમ્સ લિમિટેડ સાથે આ આપસી લાભના સંબંધો લાંબા સમય સુધી ટકી રહેશે એવી આશા છે. એલ્કોન ખાતે અમારા સૌ માટે આ મોટી સિદ્ધિ છે, કારણ કે મહિના દર મહિના અમે આરોગ્યવર્ધક ઓર્ડર બુક જાળવી રાખી છે.

### અમદાવાદની આશાપુરા જૈન હોસ્પિટલ દ્વારા ગરીબ દર્દીના વિના મુલ્યે કરાતા આંખના ઓપરેશન

અમદાવાદ, તા. ૨૬

શહેરના ઓઢવ વિસ્તારમાં છેલ્લા ૧૨ વર્ષથી કાર્યરત શ્રી આશાપુરીમા જૈન (ગધકડા) હોસ્પિટલ દ્વારા શહેરના ગરીબ દર્દીઓ માટે આંખને લગતી સારવાર તેમજ વિવિધ પ્રકારના ઓપરેશન નિઃશુલ્ક રીતે કરવામાં આવી રહ્યાં છે. તે ઉપરાંત અન્ય દર્દીઓ માટેની સારવાર પણ અન્ય હોસ્પિટલોના પ્રમાણમાં માત્ર ૨૫ થી ૩૦ ટકા જેટલા સામાન્ય ખર્ચથી કરવામાં આવી રહ્યા છે. સંસ્થા દ્વારા દર મહિને સરેરાશ ૩૦૦ જેટલા મોતિયાના ઓપરેશન કરવામાં આવે છે. જે પૈકી ૫૦ ટકાથી પણ વધુ ઓપરેશન નેત્રમણી સહિત નિઃશુલ્ક રીતે કરવામાં આવે છે.

સમન્વય ધ્યાન સાધના કેન્દ્ર સંચાલિત સ્વ. નારાયણચંદ્ર મહેતા અને શ્રીમતી તુલસી દેવી મિશ્રીમલ સંઘવી આઈ ફાઉન્ડેશનના અધ્યક્ષ ડૉ. શેખરચંદ્ર જૈને આજ પત્રકારોને ઉપરોક્ત વિગતો દ્વારા મળેલા દાનથી આ હોસ્પિટલની શરઆત તત્કાલીન સંરક્ષણ મંત્રી હરિન પાઠક તેમજ આરોગ્ય મંત્રી જયનારાયણ વ્યાસના હસ્તે ઉદ્‌ઘાટનથી થઈ હતી. સંસ્થાના નાનકડા મકાનમાં જ તમામ સુવિધા જેવી કે હાઈજેનિક સંપૂર્ણ રીતે સજ્જ ઓપરેશન થિયેટર, દર્દીઓની પોસ્ટ તેમજ પ્રિઓપરેટીવ સંભાળ લઈ શકાય તેવો સ્ટાફ તેમજ રૂમો વિદેશથી આયાત કરેલા અત્યાધુનિક મશનો ઉપલબ્ધ છે. નજીકના ભવિષ્યમાં જ સંસ્થા દ્વારા નવી ૨૪ કલાકની ઈન્ડોર હોસ્પિટલ ઉભી કરવાની યોજના છે.

## મંત્રીઓની નજર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિધાનસભા બેઠક નહિ પણ બુથ વિજેતા બનવા માંગીએ છીએ.

ગાંધીનગર (ઉ) ની બેઠક માટે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં પક્ષને ૩ બેઠક ઓછી જરૂર મળી છે પણ કોંગ્રેસને મળેલા મતો કરતાં વધુ મત અમને મળ્યા છે. આ પછી બે વર્ષમાં સાબરમતીમાં ઘણા પાણી વહી ગયા છે.

ભાજપના સૂત્રોનું માનવું છે કે કડીની બેઠક અનામત બેઠક થતાં આ બેઠકમાં કડીના ૧૯ ગામો જે કલોલ વિધાનસભામાં ભેળવવામાં આવ્યા છે તેનો સીધો ફાયદો ભાજપને થશે. તો કલોલના ૨૨ ગામો માણસા વિધાનસભામાં ભેળવવામાં આવતાં માણસાના સ્થાનિક સમીકરણોમાં બદલાવ આવશે તેવું તેમનું માનવું છે.

જિલ્લાની પાંચ બેઠકો માટે આમ તો ભાજપમાંથી ૧૫૦ કરતાં વધુ દાવેદારોએ દાવા નિરીક્ષકો સમક્ષ રજુ કર્યા છે આ નિરીક્ષકોએ પણ દાવાઓની ચકાસણી કરતા વેધક અને અણિયાળા સવાલો કરી અડધા દાવેદારોના પગ નીચેથી ચાદર સુનાવણી વખતે જ ખિસકાવી લીધી હતી. જો કે આગામી સપ્તાહમાં ભાજપના પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની મેરેથોન બેઠક શરૂ થવાની છે ત્યારે આ વાતોએ જિલ્લાના રાજકારણમાં ગરમાવો લાવી લીધો છે.

દહેગામની બેઠક માટે દાવો કરતાં રાજયમંત્રી જુનો ઘરોબો અને મોસાળ આ પંથકમાં હોવાનું જણાવી રહ્યા છે તો ગાંધીનગર (ઉ) માટે જમાઈરાજ અને જ્ઞાતિનું પીઠબળ સારું મળી રહેશે તેવો વિશ્વાસ મંત્રીઓ દ્વારા ખાનગીમાં વ્યકત થઈ રહ્યો છે.

## શબ્દાવલી - ૪૮૮૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | ■ |
| ૭ | | | ■ | ૮ | | | ૯ |
| | ■ | ૧૦ | ૧૧ | | | ■ | |
| ■ | ૧૨ | ■ | ૧૩ | | ■ | ૧૪ | |
| ૧૫ | | ૧૬ | | ■ | ■ | | ■ |
| ■ | ૧૭ | | ■ | ૧૮ | | | ■ |
| ૧૯ | | | ■ | | ■ | ૨૧ | ૨૧ |
| ■ | ૨૨ | | | ■ | ૨૩ | | |

**આડી ચાવી**

૧. પોતાનું પ્રજાસત્તાક રાજ્ય (૩)
૪. અંધારૂં, રાત (૩)
૭. માગનાર વ્યક્તિ (૩)
૮. ધીમુ ધીમુ, કંટાળો ઉપજાવે તેવું (૪)
૧૦. અંગ કસરત તેમજ જાનવરોના ખેલ (૪)
૧૩. લોખંડ ઉપર લાગતો મેલ (૨)
૧૪. ‘...’ પાર્વતી એક વ્રતનું નામ (૨)
૧૫. બીજાને વશ હોય તેવું (૪)
૧૭. પતિ, સાજન (૨)
૧૮. કમાણી, આવક (૩)
૧૯. કાચ જેમાં આપણું પ્રતિબિંબ દેખાય (૩)
૨૦. બૂમ, ચીસ (૨)
૨૨. ઝભ્ભો, પાતળા કાપડનું પહેરણ (૩)
૨૩. રાજાનો માનવાચક શબ્દ (૩)

**ઊભી ચાવી**

૧. પોતાનું માન (૩)
૨. સ્વર, અવાજ (૨)
૩. ઘરેણું, ઝવેરાત (૩)
૪. પ્રપંચ, કાવતરૂં (૪)
૫. ચણાના લોટની વાગની (૩)
૬. ચંદ્ર (જોડણી ચૂક માફ) (૨)
૯. એક ખાતરનું નામ (૩)
૧૧. ખરાબ અંજામ (૩)
૧૨. ગુજરાન, પાલન પોષણ (૫)
૧૪. દીકરીના પતિ (૫)
૧૬. આકાશમાંથી પાણી પડે તે (૪)
૧૮. છાશ અને ચણાના લોટની બનતી ખાદ્ય સામગ્રી (૨)
૨૧. કોઈ વાત નક્કી કરવી, ... કરવું (૨)

### શબ્દાવલી ૪૮૮૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) સવલત (૪) ગજબ (૭) વાલ (૮) જસત (૯) લવલીન (૧૧) લાખ (૧૨) કામીની (૧૪) લાટ (૧૫) જવનીકા (૧૬) રેવડી (૧૭) હદ (૧૯) વસાણુ (૨૧) યાત્રી (૨૩) ગપ (૨૪) વા (૨૫) જરાક

**ઊભી ચાવી :-** (૧) સવાલ (૨) વલવલાટ (૩) તલ્લીન (૪) ગજગામીની (૫) જસ (૬) બતક (૧૦) લીખ (૧૨) કાવડીયા (૧૩) નિકાહ (૧૪) લાગવગ (૧૫) જવ (૧૬) રેણુ (૧૮) દમક (૨૦) સાપ (૨૨) ત્રીજ